
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

વૈશાખ



જેઠ

અંક ૭-૮ સંવત ૨૦૩૪ તા. ૭ મી જુલાઈ ૧૯૭૮ પુસ્તક ૯૪

: પ્રગટ :

: શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૯૭ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## —: अनुक्रमणिक :—



| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧ | કૃત્રિમતા | — | ૩ |
| ૨ | કર્પુર સૌરભ | અમરચંદ માવજી શાહ | ૪ |
| ૩ | તીર્થંકરોના જન્માભિષેકો માટેનાં ત્રીસ સિંહાસનનો | પ્રો. હીરાલાલ ર. કાપડીયા | ૫ |
| ૪ | શ્રાવક | મણીલાલ મો. ધામી | ૬ |
| ૫ | કર્મરાજાના ખેલ | શ્રી સોમદેવ | ૭ |
| ૬ | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા ચરિત્રમાંથી | ૧૧ |
| ૭ | મૈત્રી અને કરૂણા | શ્રી હરીશભાઈ રતીલાલ વોરા | ૧૩ |
| ૮ | આત્મદષ્ટિનું આન્તર નિરીક્ષણ | રતીલાલ માણેકચંદ શાહ | ૧૬ |



## ૦—: આ મં ત્ર ણ :—૦

### સભાની વર્ષ ગાંઠ નીમીત્તે

માનવંતા સભ્યોને જણાવવાનું કે સંવત ૨૦૩૪ શ્રાવણ શુદ ૩ ને સોમવાર તા. ૭-૮-૭૮નાં સભાની સત્તાણુમી વર્ષ ગાંઠ નીમીત્તે સવારે દશ વાગે સભાનાં હોલમાં પાર્શ્વનાથ પંચકલ્યાણની પુજા ભણાવવામાં આવશે. તો સર્વ સભ્યોને પધારવા વિનંતિ છે.

લી૦

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૯૪મું
અંક ૬

વૈશાખ-જેઠ

વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪

## =: કૃત્રિમતા :=

મારા મિત્રો ! તમે શાન્તિ અને ગંભીરતાથી વિચાર કરો. તમે બહારથી સુંદર ને ભદ્ર દેખાવાનો પ્રયત્ન કરો છો, પણ અંદર તમારૂં મન બેડોળ ને ભૂરૂં હશે, તો બહારનો કૃત્રિમ દેખાવ શું કામ લાગવાનો છે ? જગતને કદાચ છેતરી શકશો, જગતની આંખમાં ધૂળ નાખી શકશો; પણ સદા જાગૃત રહેતા તમારા જીવન-સાથી આત્મદેવને કેમ કરી છેતરી શકશો ? એની આંખમાં ધૂળ કેવી રીતે નાંખશો ? બોલો, મારા મિત્રો, બોલો ! આત્મદેવ આગળ તો તમે નગ્ન થઈ જવાના છો, તે વખતે તમારી આંખમાં ધૂળ પડશે તેનું શું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(હપ્તો ૩ જો ચાલુ) પ્રસારક – અમરચંદ માવજી શાહ

૫૧ જે પરમાત્માનું નામ આપણે લઇએ છીએ તે એક દિવસ આપણી જેવા હતા તો આપણે તેવી પવિત્ર આજ્ઞાને અનુસરીને તેમનો શું કામ ન થઇ શકીએ? તેમની એકાની હિતકારી આજ્ઞાને યથા શક્તિ અનુસરતાં અવશ્ય તેમની જેવા થઈ શકીએ અને ભવ ભ્રમણનો અંત કરી શકીએ.

૫૨ અજ્ઞાન મિથ્યાત્વ અને સ્વચ્છંદ આચરણના જોરથી જ્યાં ત્યાં મોહ-મમતા, કલેશ કુસંપનો વધારો અને સદા ચારનો લોપ થતો જાય છે, તેથી શાસનની લઘુતા દેખાય છે, એમ સમજી સુત જનોએ પ્રતિદિન બગડતી સ્થિતિ સુધારવા ભગીરથ પ્રયત્ન કરવો ઘટે છે.

૫૩ જ્ઞાન-દર્શન-ચારિત્ર તપ-તીર્થને ઉપયોગ લક્ષણવાળા આપણા આત્માને યથાર્થ ઓળખી લઈ દેહદિક જડ વસ્તુઓમાં લાગેલી મમતા હાલવી જોઇએ.

૫૪ નકામી વાતો કરવા માપથી કશું વળવાનું નથી, રૂડી રહેણી-કહેણી-કરણી કરવાથી કલ્યાણ થવાનું છે. વાત કરવી મીઠી લાગે છે પરંતુ તેવી રહેણી-કહેણી-કરણી કરવી ઝેર જેવી લાગે છે. જ્યારે રહેણી-કહેણી-કરણી મીઠી લાગશે ત્યારે જ ખરૂં કલ્યાણ થઇ શકશે.

૫૫ જીવદયા-અહિંસાએ આપણો પરમ ધર્મ સમજી સહુએ ડહાપણથી આચરવા યોગ્ય છે. અનેક પ્રકારે પ્રમાદવશથી-મનથી-વચનથીને કયાથી પ્રણી હિંસાને સમજ પૂર્વક તજી, સાવધાન પણે સદ્‌વિચાર, વાણીને આચારવા પાલનથી દયાનો લાભ મળે છે.

૫૬ જ્ઞાન-દર્શન-ચારિત્ર (સંયમ)ને તપનો યથાશકિત અભ્યાસ કરવાથી ભૂલી જવાયેલા આત્માનુ ભાન થવા પામે છે. તેની દ્રઢ પ્રતિતી થયે અનુક્રમે તે સ્વરૂપ થવાય છે, એટલે સતત અભ્યાસ અને વૈરાગ્યના બળથી પૂર્ણતા પમાય છે. પોતે પોતાને જ ભૂલે એ કેટલું બંધુ સખેદ આશ્ચર્ય! મોહની કેટલી બધી પ્રબળતા!

[ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરોના જન્માભિષેકોમાટેનાં ત્રીસસિંહાસનો [૫

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા

પ્રસ્તુત વિષયને જંબુ દ્વીપ, ધાતકી દ્વીપ અને પુષ્કરાર્ધ કિંવા પુષ્કરવર દ્વીપાર્ધ સાથે સંબંધ છે. એ અઢી દ્વીપમાંના જંબૂ દ્વીપમાં એક જ મેરૂં પર્વત છે, જ્યારે ધાતકી દ્વીપમાં તેમ જ પુષ્કરાર્ધમાં બબ્બે મેરુ પર્વતો છે. આમ કુલ્લે પાંચ મેરુ પર્વતો છે, આ દરેક પર્વત ઉપર ચચ્ચાર શિલાઓ છે, (એક ક દિશામાં એકે ક) પૂર્વની અને પશ્ચિમની શિલા ઉપર બબ્બે સિંહાસન છે; જ્યારે ઉત્તરની અને દક્ષિણની શિલા ઉપર એકેક સિંહાસન છે. આમ ચારે દિશાઓ પૂરતાં છ સિંહાસનો એકેક મેરુ પર્વત છે. એ હિસાબે એકંદર ૩૦ સિંહાસનો છે કે જે તીર્થંકરોના જન્માભિષેકોમાં કામ લાગે છે. જંબૂ દ્વીપમાં સાત ક્ષેત્રોમાં એકેક ભરત ક્ષેત્ર અને એકેક ઐરાવત ઐરવત) ક્ષેત્રો છે. ધાતકી દ્વીપમાં તેમજ પુષ્કરાર્ધ દ્વીપમાં ચૌ૰ ચૌદ ક્ષેત્રો, વંશો, વર્ષોયાને વાસ્યો છે. એ હિસાબે ધાતકી અને પુષ્કરાર્ધ દ્વીપમાં બબ્બે ભરત અને બબ્બે એરાવત ક્ષેત્રો છે, આમ કુલ્લે પાંચ ભરત ક્ષેત્રો અને પાંચ એરાવત ક્ષેત્રો છે કેટલીક વાર આ દશે ક્ષેત્રો એકસાથે ૧૦ તીર્થંકરો જન્મે છે અને તે માટે ૧૦ સિંહાસનોનો ઉપયોગ કરાય છે

જંબૂ દ્વીપમાં, ધાતકી દ્વીપમાં અને પુષ્કરાર્ધ દ્વીપમાં અનુક્રમે ૧, ૨ અને ૨ મહાવિદેહ ક્ષેત્રો છે, એ દરેકના ૩૨ વિજયો છે. આમ એકંદરે ૧૬૦ વિજયો છે. એ બધા જ વિજયોમાં એક સાથે તીર્થંકરો જન્મતા નથી. ચાર ચાર જ તીર્થંકરો એક સાથે જન્મે છે. એ એતાં એક સમયે તો ૨૦ જ તીર્થંકરોના જન્મો સમકાલીન છે. આથી વિશેષ તીર્થંકરો એકી વખતે જન્મતા નથી એટલે ૨૦ જ સિંહાસનોની જરૂર પડે છે અને સિંહાસનો તો ૩૦ છે.

૩૦ સિંહાસનો એકી વખતે કમ્યમાં આવતા નથી. અત્યારે પાંચ મહા વિદેહોએ જંબૂ દ્વીપના મહાવિદેહમાંના જ વિજયોમાં એકેક તીર્થંકર વિચરે છે તો ધાતકી અને પુષ્કરાર્ધના આઠ આઠ વિજયોમાં એકક થીર્થંકર વિચરે છે આમ અત્યારે ૧૬૦ વિજયો પૈકી ૨૦ માં જ એકેક તીર્થંકરો છે ક્ષચિત્ ૧૭૦ તીર્થંકરો એક સાથે હોય છે ખરા પણ એ બધા સાથે જ જન્મેલા નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખક : મણીલાલ મો. ધામી

શ્રાવક એટલે શું તેનો અર્થ શું ? 'શ્ર' એટલે શ્રદ્ધા 'વ' એટલે વિવેક અને 'ક' એટલે ક્રીયા, ક્રીયા એટલે સમ્યક દર્શન જ્ઞાન, ચારિત્રનું એક દેશ આરાધન કરે. તો શ્રાવક કહેવાય

શ્રાવકના ત્રણ પ્રકાર છે પાક્ષિક, સાધકને શ્રેષ્ઠ શ્રાવક, અને શ્રાવકનાં વૃત પાળતા શ્રાવકોનાં અગિયાર ભેદ છે

શ્રેષ્ઠ શ્રાવક કોણ કહેવાય કે જે નીચે દર્શાવેલ ક્રીયાઓની આરાધના કરે અથવા પાલન કરે છે.

**આઠ મુળ ગુણ** જેવા કે :- ૧ માંસ, ૨ દારૂ, ૩ મધ, ૪ પાંચ ઉદમ્બર ફળ (વડ પીપર કટુંમ્બર આદિ તથા રાત્રી ૫ ભોજનનો ત્યાગ, ૬ દેવ દર્શન કરે ૭ જીવ દયા પાળેને ૮ પાણી ગાળીને વાપરે.

**સાત વ્યસનનો ત્યાગથી હોય** જેવા કે :- જુગાર ન ખેલે, શીકાર ન કરે, વેશ્યાગમન ન કરે પર સ્ત્રી ગમન ન કરે, ચોરી ન કરે માંસ દારૂનો ત્યાગી હોય આ સાત વ્યસન રહીત હોય.

**શ્રાવકના છ આવશ્યક** એટલે શ્રાવકે દરરોજ આ છ વસ્તુ કરવી જોઈએ. ૧ ભગવાનની પુજા, ૨ ગુરૂ સેવા, ૩ શાસ્ત્ર વાંચન, ૪ સંયમ પાળવો, ૫ તપ કરવું, ૬ દાન દેવું આ નીયમીત કરવા વાળો

આ ઉપરાંત **શ્રાવકના બાર વૃત** પાળવા વાળો જેવા કે :- ૧ અહીંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યને અપરિગ્રહ આ **પાંચ અણુ વૃત** પાળે **ત્રણ ગુણ વૃત** જેવા કે :- દિગવૃત, દેશવ્રત, અનર્થ દન્ડવૃત આ ત્રણ તથા **ચાર શિક્ષા વૃત** જેવા કે :- સામાયિક રોજ કરે, ૨ પ્રોષધોપવાસ કરે, ૩ ભોગોપભોગની મર્યાદા કરે, ૪ અથીતી સંવિભાગ એટલે ત્યાગીઓ વિગેરેને ભોજન આપવું. આ પ્રમાણે શ્રાવક બાર વ્રત પાળે

આ ઉપરાંત શ્રાવકમાં ૨૧ ઉત્તર ગુણ હોવા જોઈએ જેવા કે:- ૧ લજ્જાવંત દયાવંત ૩ પ્રસનતાવાળો ૪ પ્રીતીવંત ૫ પારકાના દોષ ટાંકવાવાળો ૬ પરોપકારી ૭ સમ્યગ્દૃષ્ટિ ૮ ગુણગ્રાહી ૯ શ્રેષ્ઠ પક્ષી ૧૦ મીષ્ઠભાષી ૧૧ દીર્ઘવીચારી ૧૨ દાનવંત ૧૩ શીલવંત ૧૪ કૃતજ્ઞ ૧૫ તત્વજ્ઞ ૧૬ ધર્મજ્ઞ ૧૭ મીથ્યાત્વ રહીત ૧૮ સંતોષી ૧૯ સ્યાદ્વાદ ભાષી ૨૦ અભક્ષ ત્યાગી અને ષટકર્મ પ્રવીણ હોય. આ એકવીશ ગુણોનું પાલન કરવાવાળો.

આ પ્રમાણે આઠ મુળ ગુણ, સાત વ્યસન છ શ્રાવકની આવશ્યક ક્રીયા, બાર વ્રત પાંચ અણુવ્રત, અને એકવીશ ગુણ વાળો શ્રેષ્ઠ શ્રાવક કહેવાય છે.

દરેક શ્રાવકે ઉપરના ગુણોમાંથી પોતામાં કેટલા ગુણો છે તે અંતરંગથી પુછી જોવું જેટલા ન પળાતા હોય તેટલા પાળવાનો પ્રયત્ન કરવો અને શ્રેષ્ઠ શ્રાવક થવા પુરેપુરી ભાવના રાખવી જોઈએ જો શ્રાવકનું ઉપરનાં ગુણોનું પાલન હોય તો દુનીયામાં શ્રાવક માનનીય થઈ જાય માટે જૈન ધર્મ શ્રાવક ધર્મ પાળી મહાવીર ભગવાનની કીર્તી ફરી વખત દુનીયામાં ઉજવલ કરો એવી આશા રાખી વીરમુ છું. "જય મહાવીર"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'કર્મરાજાના ખેલ'

લેખક : શ્રી સોમદેવ

યૌધેય જનપદ ના રાજાનું નામ મારિદત હતું. તે પ્રતાપી રાજા હતો. એકવાર તેણે પૃથ્વી ના બધાં જ રાજાઓને જીતવાનો નિર્ણય કર્યો.

રાજા દેવીનો ભકત પણ હતો. યુદ્ધમાં જતાં પહેલાં ચંડમારીના મંદિરમાં પૂજા કરવા ગયા પૂજામાં બલિદાન દેવામાં આવતું હતું. તેને માટે ઘણા પશુઓ મંદિરમાં લાવવામાં આવ્યા હતાં. સૈનિકો એક સ્ત્રી-પુરૂષનો પણ બલિ ચડાવવા પકડી લાવ્યા હતાં.

તેને જોઈ રાજા નવાઈ પામી જોઇ રહ્યો, તેને પૂછયું 'તમે કોણ છો ?

પુરૂષે કહ્યું- અમે સંન્યાસી છીએ ભિક્ષા માગવા નીકળ્યા હતાં ત્યાં તમારા સૈનિકો એ પકડી લીધાં કહો, અમે એવો કયો અપરાધ કર્યો છે?

રાજા એ ઉત્સુકતાથી પૂછયું "તમારી બંનેની ઉંમર તો વધારે નથી નહીં. અત્યારથી સંન્યાસ કેમ લીધો ? શું તમારે માતાપિતા નથી ? મને વિસ્તારથી તમારા વિશે કહો.

સંન્યાસી રાજાને પોતાની કહાણી સંભળાવવા લાગ્યો.

ભરત ક્ષેત્રમાં એક જનપદ છે-અવંતિ ત્યાં રાજા યશોધંનું શાસન હતું. તેને યશોધર નામનો પુત્ર હતો. રાજા વૃદ્ધ થયા. તો યશોધરને રાજ-પાટ સોંપી દીધા. પોતે સંન્યાસી બની વનમાં તપસ્યા કરવા ચાલી ગયા.

યશોધર સુંદર રીતે રાજ્ય ચલાવવા લાગ્યો. પ્રજા પણ તેનાથી ખુશ હતી, પરંતુ યશોધર દુઃખી હતો. રાણી અમૃતવતી સાથે તેના સ્વભાવનો મેળ ખાતો ન હતો. પતિ-પત્ની વચ્ચે ઝઘડાં થતાં રહેતા હતા.

એક દિવસ રાજાને ખબર પડી કે અમૃતવતીનું ચરિત્ર સારૂં નથી. તે ખુબ દુઃખી થયો પરંતુ કોઈને તે શું કહે ? પોતાની રાણીને બદનામ પણ કેવી રીતે કરે ? રાજાનું સુખ-ચૈન ચાલ્યું ગયું. હંમેશા તે ઉદાસ રહેવા લાગ્યો.

એક વખત વિચાર્યું કે રાણીનો વધ કરાવી દે, પણ તેમ કરતાં તે અટકી ગયો. ઘણું વિચાર્યા બાદ રાજા એ સંન્યાસ લેવાનો નિશ્ચય કર્યો વિચાર્યું—'બધીજ જંજાળ-માંથી છૂટી જઈશ '

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સવારે રાજા ઉઠયા, તો ઘણા ઉદાસ હતાં. ત્યારે તેની માં ચંદ્રમતિ ત્યાં આવી. યશોધરે કહ્યું—'માં રાતે મેં સપનું કે રાજ-પાટ યુવરાજ યશોમતિને સોંપી દીધું છે હું સંન્યાસી બનીને વનમાં ચાલ્યો ગયો છું. હવે હું તે સ્વપ્નને સાચું બનાવવા ઈચ્છુ છું. હું સંન્યાસી બનીશ .

રાજમાતા ચંદ્રમતિ એ કહ્યું—"બેટા સપનાથી ગભરાવું ન જોઇએ. દેવી ચન્ડમારી આપણી કુળદેવી છે. આપણે તરત મંદિરમાં પશુ-બલિ ચડાવવો જોઈએ. તેનાથી તારૂં મન શાંત થઈ જશે.

રાજા યશોધરે કહ્યું—"માં જીવ હત્યા તે પાપ છે હું પશુ બલિ કોઈ દિવસ નહીં દઉં. આ ખોટું છે,

રાજમાતા એ કુળપુરોહિતને બોલાવ્યા તેને બધી વાત કહી.

પુરોહિતે કહ્યું—'મહારાજ, પશુબલિ દેવા તૈયાર નથી. તેના પણ એક ઉપાય છે. તમે લોટની એક મરઘી બનાવરાવો રાજાના હાથથી તેનો બલી દેવરાવી દો. રાજાની વાત પણ રહેશે અને બલિ પણ દેવાઇ જશે.

સમસ્યા આટલી સહેલાઇથી ઉકલી ગઇ તે જાણી રાજમાતા પ્રસન્ન થઈ ગયા. તેઓ એ યશોધરને પુરોહિતજીનો વિચાર બતાવ્યો.

રાજા યશોધર ચિંતામાં ઉદાસ થઇ ગયો હતો પત્નીનો વિશ્વાસઘાત તેને સળગાવી રહ્યો હતો. માંની વાત સાંભળી તેણે કહ્યુ—માં, મેં સંન્યાસી બનવાનો નિશ્ચય કર્યો છે. 'તું કહે છે તેથી લોટની મરઘીનો બલિ ચડાવી દઈશ. પરંતુ સંન્યાસી બનવાના નિર્ણય માંથી ફરીશ નહીં રાજમાતાએ વિચાર્યું—થઇ શકે છે કે બલિ ચડાંવ્યા પછી પુત્રનું મન શાન્ત પણ થઇ જાય રાજા કઈ વાતે દુઃખી છે તેની જાણ રાજમાતને ન હતી. યશોધરના નિશ્ચયના સમાચાર જાણી રાણી અમૃતવતી ખુબ ખુશ થઇ. બાહ્ય દેખાવ કરવા માટે તેણે રડવાનું નાટક કર્યું. યશોધરને કહ્યું – મહારાજ, હું પણ તમારી સાથે સંન્યાસ લેવા માંગુ છું રાજા યશોધર કશું ન બોલ્યા તેને રાણીની અસલિયતની જાણ હતી. મંદિરમાં બલિ ચડાવવાનો દિવસ નજીક આવ્યો. તૈયારીઓ થવા લાગી નકકી કરેલાં સમયે રાજા મંદિરમાં પહોચ્યાં અને દેવીની સમક્ષ લોટની મરઘીનો બલિ ચડાવ્યો. આનાથી રાજમાતા સંતોષ પામી. તેણે બધાંને કહ્યું—"મેં દેવીને પ્રાર્થના કરી છે કે યશોધર સંન્યાસ ન લે મને પુરો વિશ્વાસ છે કે દેવી મારી ઇચ્છા જરૂર પૂરી કરશે.

રાણી અમૃતવતી એ આ સાંભળ્યું. તે ઉદાસ થઈ ગઈ તે તો ઇચ્છતી હતી કે યશોધર જલ્દીથી જલ્દી સંન્યાસ લે. તેણે ચુપચાપ રાજમાતા અને યશોધરના ભોજનમાં ઝેર ભેળવી દીધું. ભોજન કરતાં જ બંનેનું મૃત્યુ થયું. કપટી રાણી પર કોઈ ને શંકા ન ગઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃત્યુ પછી રાજમાતા અને યશોધરે ફરી જન્મ લીધો. તે મોર અને કુતરો બન્યાં. તેના પછી બીજા જન્મે તેઓ હરણી અને સાપ ના રૂપે જન્મ્યા.

ત્રીજા જન્મમાં માછલી અને મગરમચ્છ હતાં. ચોથા જન્મમાં બકરા અને બકરીના રૂપમાં હતાં. પાંચમા જન્મમાં પણ યશોધરે બકારાના રૂપમાં જન્મ લીધો અને રાજમાતા ભેંસ બની છઠ્ઠી વખત તે બન્ને મરઘા-મરઘીના રૂપમાં આ ધરતી પર આવ્યા.

છ જન્મો સુધી આવી રીતે પશુઓનું જીવન વિતાવ્યા પછી બંને રાજા યશોમતીને ત્યાં છોકરા-છોકરી બની જન્મ્યા.

રાજા યશોમતી-યશોધરનો જ પુત્ર હતો આવી રીતે પિતા યશોધર પોતાના પુત્રના પુત્ર બન્યા અને દાદી ચંદ્રમતિ પોતાના પૌત્રની પુત્રી બની. પરંતુ યશોમતીને આ બાબતની કોઇ જાણકારી ન હતી.

એક સમયની વાત છે. રાજા યશોમતિ આચાર્ય સુદત્તના દર્શન કરવા ગયા સુદત્ત સિદ્ધ પુરૂષ હતાં. આચાર્યએ યશોમતિને કહ્યું-"રાજન, તારા ઘરમાં તારા પિતા અને દાદીએ જન્મ લીધો છે."

સાંભળી યશોમતિની નવાઈનો પાર ન રહ્યો તેણે પૂછયું-"આચાર્ય, હું સમજયો નહીં બધી વાત કહો.

ત્યારે આચાર્ય એ રાજા યશોધર અને રાજમાતા ચંદ્રમતિના સાત જન્મોની વાત સંભળાવી. પછી પૂછયું.—જાણે છે, આવું કેમ થયું ?

"જી નહીં ! હું નથી જાણતો."

"આ લોટની મરઘીનો બલિ ચડાવવાનો દંડ હતો. ભલે મરઘી લોટની હતી. પણ ભાવના તો પશુબલિ દેવાની જ હતી કોઈ જીવને સતાવવા અથવા મારવા જેવો મોટો અપરાધ બીજો કોઈ નથી. એટલે તું પણ આ વાત સારી રીતે સમજી લે. કોઇ દિવસ કોઈને દુખ ન દેવું."

યશોમતિ એ આચાર્ય સુદત્તના પગ પકડી લીધાં પછી પ્રતિજ્ઞા કરી અને રાજભવન પાછા ફર્યા

રાજમહેલમાં આવી તેણે પોતાની રાણીને આ વિચિત્રવાત સંભળાવી. તેને રાજા યશોધર અને રાજમાતા ચંદ્રમતિ એ પણ સાંભળી આ સમયે તે બંને તેના બેટા બેટી હતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત સાંભળી તેને પોતાના પૂર્વ જન્મોની યાદ આવી ગઈ. તે આચાર્ય સુદત્તની પાસે આવ્યા. તેના પગ પકડી કહ્યું—"આચાર્ય આપની દયાથી અમને બધી વાતની જાણ થઇ ગઇ છે. અમે તમારે શરણે આવ્યા છીએ. તમે અમને દીક્ષા દો.

આચાર્ય એ તો બને ને દીક્ષા દીધી, તે નાની ઉંમરમાં સંન્યાસી બની ગયા.

આટલી વાત સંભળાવી સંન્યાસી એ રાજા મારિદતને કહ્યુ—"રાજા હું જ રાજા યશોમતિનો પુત્ર છું. મારી સાથે ઊભેલી સ્ત્રી મારી બહેન અને છ જન્મ પહેલાંની મારી માં ચંદ્રમાત છે.

આ વૃતાન્ત સાંભળી, રાજા મારિદત વિચારમાં પડી ગયા. તેની નજર બલિ માટે આવેલા અસંખ્ય પશુઓ પર અટકી.

સંન્યાસીએ પછી કહ્યું—"રાજન, લોટની મરઘીને બલિ ચડાવવા દેવામાં અમને છ જન્મ સુધી પશુ બનવાની સજા ભોગવવી પડી. તમે તો આટલા બધાં પશુઓની સાથે જ અમારો પણ બલિ દેવડાવવા તૈયાર થયા છો. તમે પોતે વિચારી લો. આ પાપની શું સજા મળશે ?

મારિદતની સદ્બુદ્ધિ જાગૃત થઇ. તે પણ આચાર્ય સુદત્તના આશ્રમમાં પહોચ્યાં.

આચાર્ય સુદત્ત રાજા મારિદત્તને જોઇ હસી પડયા. તે જાણી ગયા કે રાજા કેમ આવ્યા છે? રાજા એ હાથ જોડીને કહ્યું—"આચાર્ય, મારે હાથે મોટું પાપ થઈ રહ્યુ હતું. તમે બતાવો, હું શું કરૂં ?

આચાર્ય એ રાજાને આશીર્વાદ દેતા કહ્યું—"રાજન, મનમાં દયા ભાવ રાખો અને શાસન ચલાઓ આ જ મારો ઉપદેશ છે.

અનુવાદક : લિ. મહેતા હિમાંશુ રમણીકલાલ

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ગયા અંકથી ચાલુ) **શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાં**

કે-'જ્યાં સુધી મારી એવી સ્થિતિ થઇ નથી ત્યાં સુધીમાં મારે મોક્ષને માટે પ્રયત્ન કરી લેવો જોઈએ.' આવા મનોરથથી રાજા વિષયોથી પરાઙ્મુખ થઈ ગયો અને એ પ્રમાણે સંસાર પર વૈરાગ્યવાળા ચિત્તથી તેણે કેટલોક કાળ નિર્ગમન કર્યો.

એકદા સત્યભૂતિ નામે ચતુર્જ્ઞાની મહામુનિ સંઘની સાથે તે નગરીએ સમવસર્યા. તેના ખબર સાંભળી રાજા દશરથ પુત્રાદિક પરિવાર સાથે ત્યાં જઈ, તેમને વંદના કરીને દેશના સાંભળવાની ઇચ્છાએ તેમની સમીપે બેઠો. તે સમયે વૈતાઢ્યગિરિથી વિદ્યાધરોના અનેક રાજાઓ સહિત રાજાચંદ્રગતિ સીતાની અભિલાષાથી તપ્ત એવા ભામંડલને સાથે લઇ રથાવર્તગિરિ પરના અર્હંતોને વંદના કરીને પાછા ફરતા આકાશમાર્ગે ત્યાં આવી ચડયો સત્યભુતિ મુનિને ત્યાં સમવસરેલા જોઇ તે આકાશમાંથી નીચે ઉતર્યો અને તેમને વંદના કરીને તે પણ દેશના સાંભળવા બેઠો. ભામંડલન સીતાના અભિલાષનો સંતાપ છે તે જ્ઞાનવડે જાણી લઇ સત્યવાદી સત્યભૂતિરિએ સમયને યોગ્ય દેશના આપી, તેમાં પ્રસંગોપાત તેમને પાપમાંથી નિવૃત્ત થવાને માટે ચંદ્રગતિ અને પુષ્પવતીના તથા ભામંડલ અને સીતાના પૂર્વભવો કહી સંભળાવ્યા. તેમાં સીતા અને ભામંડલને જુગલી આપણે ઉત્પન્ન થવું અને ભામંડલનું જન્મતાં જ અપહરણ થવું ઇત્યાદિ વૃત્તાંત યથાર્થપણે જણાવ્યો. તે સાંભળતાંજ ભામંડલને જાતિસ્મરણ જ્ઞાન થયું, એટલે તત્કાળ મૂર્છિત થઇને તે પૃથ્વી પડી ગયો. થોડીવારે સંજ્ઞા મેળવીને ભામંડલે પોતાના પૂર્વભવનું વૃત્તાંત સત્યભૂતિ મુનિએ જે પ્રમાણે કહ્યુ હતુ તે પ્રમાણે બધું પોતાની મેળે કહી આપ્યું. તત્કાળ ચંદ્રગતિ વિગેરે પરમ સંવેગને પ્રાપ્ત થયા. સદ્બુદ્ધિવાળા ભામંડલે સીતાને બેન જાણીને નમસ્કાર કર્યો. 'જન્મતાં જ જેનુ હરણ થયું હતુ તે જ આ મારો સહોદર ભાઈ છે.' એમ જાણીને હર્ષ પામતી મહાસતી સીતાએ આશીષ આપી પછી તત્કાળ સૌહૃદપણું ઉત્પન્ન થયું છે એવા વિનયી ભામંડલે લલાટવડે પૃથ્વીનો સ્પર્શ કરીને રામને પણ નમસ્કાર કર્યા પછી ચંદ્રગતિએ ઉત્તમ વિદ્યાધરોને મોકલીને વિદેહા અને જનક રાજાને ત્યાં તેડાવ્યા અને 'જન્મતાં જ જેનું હરણ થયું હતું તે આ ભામંડલ તમારો પુત્ર છે' ઇત્યાદિ સર્વ વૃત્તાંત જણાવ્યું. તે વચન સાંભળીને મેઘગર્જનાથી મયૂરની જેમ જનક અને વિદેહા હર્ષ પામ્યાં અને વિદેહાના સ્તનમાંથી પુત્રપ્રેમને અંગે દુધ ઝરવા લાગ્યુ. પોતાના ખરા માતાપિતાને ઓળખીને ભામંડલે નમસ્કાર કર્યો એટલે તેઓએ તેને મસ્તક પર ચુંબન કરી હર્ષાશ્રુના જળથી ન્હવરાવ્યો.

તે વખતે રાજા ચંદ્રગતિએ સંસારથી ઉદ્વેગ પામી ભામંડલને રાજ્ય પર સ્થાપીને સત્યભૂતિ મુનિની પાસે દીક્ષા લીધી ભામંડલ સત્યભૂતિ અને ચંદ્રગતિ મુનિ, જનક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિદેહા (માતાપિતા), દશરથરાજા, સીતા અને રામને નમીને પોતાના નગરમાં ગયો. રાજા દશરથે સત્યભૂતિ મહર્ષિને પોતાના પૂર્વ ભવો પૂછયા એટલે મુનિ કહેવા લાગ્યા કે—"સેનાપુરમાં ભાવન નામના કોઈ મહાત્મા વણિકને દીપિકા નામની પત્નીથી થયેલી ઉપાસ્તિ નામે એક કન્યા હતી તે ભવમાં સાધુઓની સાથે પ્રત્યનીકપણે વર્ત્તવાથી તેણે તિર્યંચ વગેરે મહાકષ્ટકારી યોનિયોમાં ચિરકાળ પરિભ્રમણ કર્યું. અનુક્રમે વંગ-પુરમાં ધન્ય નામના વણિકની સુંદરી નામની પત્નીથી વરૂણ નામે પુત્ર થયો. તે ભવમાં પ્રકૃતિથી જ ઉદાર એવો તું નિરંતર સાધુઓને શ્રદ્ધાપૂર્વક અધિક દાન આપવા લાગ્યો. ત્યાંથી કાળધર્મ પામીને તું ધાતકીખંડ દ્વીપમાં ઉત્તરકુરુક્ષેત્રને વિષે જુગલીઆપણે ઉત્પન્ન થયો. ત્યાંથી દેવપણાને પ્રાપ્ત થયો ત્યાંથી ચ્યવીને પુષ્કલાવતી વિજયમાં પુષ્કલાનગરીના રાજા નંદિઘોષ અને પૃથ્વી દેવીનો તું નંદિવર્ધન નામે નામે પુત્ર થયો નંદિઘોષ-રાજા તને-નંદિવર્દ્ધનને રાજ્ય ઉપર બેસારી યશોધર મુનિની પાસે દીક્ષા લઈ કાળધર્મ પામીને ગ્રૈવેયકમાં દેવપણે ઉત્પન્ન થયા. તું-નંદિવર્દ્ધન શ્રાવકપણું પાળી મૃત્યુ પામીને બ્રહ્મ દેવલોકમાં દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવીને પ્રત્યગ (પશ્ચિમ)વિદેહમાં વૈતાઢયગિરિની ઉત્તરશ્રેણીના આભૂષણરૂપ શિશિપુર નામના નગરમાં ખેચરપતિ રત્નમાળીની વિદ્યુલ્લતા નામની સ્ત્રીથી સૂર્યજય નામે મહાપરાક્ર પુત્ર થયો એક વખતે રત્નમાળી ગર્વ પામેલા વિદ્યાધરપતિ વજ્રનયનને જીતવાને માટે સિંહપુર ગયો. ત્યાં તેણે બાલ, વૃદ્ધ, સ્ત્રી, પશુ અને ઉપવન સહિત આખા સિંહપુરને બાળવા માંડયું. તે વખતે ઉપમન્યુ નામના તેના પૂર્વજન્મના પુરોહિતનો જીવ જે સહસ્રાર દેવલોકમાં દેવ થયો હતો તેણે આવીને કહ્યું કે-'હે મહાનુભાવ! આવુ ઉગ્ર પાપ કર નહિ. તું પૂર્વ જન્મમાં ભૂરિનંદન નામે એક રાજા હતો તે વખતે વિવેકથી માંસ ભોજન ન કરવું એવી પ્રતિજ્ઞા લીધી હતી પછી ઉપમન્યુ નામના પુરોહિતના કહેવાથી તેં તે પ્રતિજ્ઞા ભાગી હતી. એક વખતે ઉપમન્યુ પુરોહિતને સ્કંદ નામના એક પુરુષે મારી નાખ્યો. ત્યાંથી તે હાથી થયો હાથીને ભુરિનંદનદન રાજાએ પકડી લીધો. એકદા યુદ્ધમાં તે હાથી મૃત્યુ પામ્યો અને ભૂરિનંદન રાજાની ગાંધારી નામની પત્નીના ઉદરથી અરિસૂદન નામે પુત્રપણે ઉત્પન્ન થયો. ત્યા જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થતાં તેણે દીક્ષા લીધી ત્યાંથી મૃત્યુ પામીને આ હું સહસ્રાર+ દેવલોકમાં દેવતા થયેલો છું. રાજા ભૂરિનંદન મૃત્યુ પામીને એક વનમાં અજગર થયો. દાવાનળથી દગ્ધ થઈને બીજી નરકભૂમિમાં ગયો. પૂર્વના સ્નેહને લીધે મેં નરકમાં જઈને તેને પ્રતિબોધ આપ્યો, જ્યાંથી નીકળીને તું રત્નમાળી રાજા થયો છે. જેમ પૂર્વભવે માંસ પચ્ચખાણનો ભંગ કર્યો હતો તેમ અનંત દુઃખદાયક પરિણામવાળો આ નગરદાહ તું કર નહિ." આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળી રત્નમાળી યુદ્ધથી નિવૃત્ત થયો

[ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખક : પ્રો. હરીશભાઈ રતીલાલ વોરા (બેંકર)
(બી.એસ.સી.એમ.એડ્.)

* મંગલાચરણ

શ્રી વીતરાગ દેવાય નમઃ

सत्वेषु मैत्रि गुणिषु प्रमोदनम्
क्लिष्टें जीवेषु कृपापरत्वम् ।
मध्यस्थ भाव विपरीत वृतौ
सदा ममास्तु विदधातुदेव ॥

જે આ શુભ ભાવનાનું સ્મરણ કરે છે તે આ સંસાર રૂપી મહાસાગરને તરી જાય છે તેવું જ્ઞાનીઓનું કહેવું છે. હું આજે તેમાંથી મૈત્રી અને કરૂણા બંનેના સ્વરૂપ વિષે મારી અલ્પમતિ પ્રમાણે કાંઈ કહું છું.

* અર્થ

આ જગતના સર્વ પ્રાણીઓ જીવવા ઇચ્છે છે, તેઓ સુખ પૂર્વક જીવવા ઇચ્છે છે દરેક પોતાના દર્શનમાં સુખની વ્યાખ્યા આપવા પ્રયત્ન કરે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થમાં પહેલા બે સાધન અને પાછળના બે સાધ્ય છે. આ સાધ્યને અથવા તો દરેકના સુખની જે પરિસીમાં છે તેને પહોંચવા "મૈત્રી અને કરૂણા" એ અનિવાર્ય ભૂમિકા છે મૈત્રી સાદો છતાં વિશાળ અર્થ છે. સર્વ પ્રાણીઓનું હિત ચિંતવવુ સર્વે સાથે દોસ્તી કેળવવી સર્વે સાથે આત્મિયતા કેળવવી અને પોતાનું સ્વરૂપ આંતર રાષ્ટ્રીય કે વિશ્વરૂપ બનાવવું કરૂણા એટલે દયા અનુકમ્પા. આર્ત, દુઃખી દીન, રોગી, અજ્ઞાની, આપણાથી ઉતરતી કક્ષાના સર્વે પ્રાણીઓ પર કરૂણાનું ઝરણું વહેતું રાખવું-દયા ભાવ રાખવા.

* આપણે કયાં છીએ.

મૈત્રી અને કરૂણા એટલા નીકટના ભાવો છે કે તેઓ એક બીજા વિના એકલા કેળવી શકાતાં નથી છતાં, આપણે સગવડતા ખાતર તેમના સ્વરૂપ, દ્રષ્ટાંત, ફળ વગેરે અલગ તપાસીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જે મૈત્રીની વાત કરી રહ્યા છીએ તે કરમચંદ અને ધરમચંદ કે અમીચંદ અને કલાઇવની નહીં, પરંતુ તે તો છે શ્રી ગૌતમ અને સ્કંધકાચાર્યની, પાર્શ્વનાથી કમઠ પ્રત્યેની અર્જુનની અને કૃષ્ણની, નહેરૂની અને કેનેડીની ! જે મૈત્રીમાં પરહિત ચિંતા જ હતી. દરેક વ્યકિત પરહિત ચિંતામાં રકત બને તો શું શાંતિ-સુખ, અભય, તમને દૂર લાગે છે ? જરા શાંત ચિત્તે તે વિચારીએ તો સ્વર્ગ-સ્વર્ગ દેખાય છે. આપણે તેને જ સ્પષ્ટ અનુભવવા ઇચ્છીએ છીએ. પરંતુ તે કેમ બનતું નથી ? તેમ નહીં બનવાનું કારણ છે ઇર્ષા, લોભ, અનંત ઇચ્છા. વેરભાવ. આપણે બીજાના મોટર, બંગલો, ટીવી જોઇને બળી જઇએ છીએ માનવ બીજાને લૂટી લેવામાં પ્રવીણ બન્યો છે અને તેને પોતાની હોંશિયારી સમજે છે. માંસાહાર, કિંમતી વસ્ત્રો, ઘરેણાંની, આભાસી સુખ સાધનોની નાટક સીનેમા-નૃત્યો જોવાની, મૈથુનની, કિર્તીની અનંત ઇચ્છાઓ તેને સતાવી રહી છે આપણાથી જેઓ સામાજિક, આર્થિક, ધાર્મિક રીતે ચઢિયાતા છે તેમની પ્રત્યે વેર અને ઈર્ષા સિવાય વધુ શું આવડે છે વધુમાં નિંદા-કરતા અપવાદ બોલતાં આવડે છે. આવી પરિસ્થિતિમાં આપણે હોઇએ તો "મૈત્રી ભાવ" વિષે વિચારવાની ફૂરસદ આવે ખરી ? તો પછી પોતાનું હૃદય આકાશ જેવડું વિશાળ કયાંથી કરી શકાય ? સર્વ પ્રત્યે પ્રેમ અને ક્ષમા કેમ રાખી શકાય ? આપણે પેટ ઉપર પોટલું બાંધવામાં અને કામવૃત્તિમાં પશુથી પણ નીચે જઇએ ત્યાં પરહિત ચિંતા કઈ રીતે ગળે ઉતરે ?

## * મૈત્રી-ક્રમ

માત્ર વસુધૈવ કુટુમ્બકમ્ કહેવાથી મૈત્રી થઈ જતી નથી. પરંતુ તેને પણ ક્રમ છે. તેની શરૂઆત થાય છે ઘરથી મૈત્રી રૂપી વૃક્ષના મૂળ ઘરમાં હોય છે. પછી તેની શાખા-પ્રશાખા-પર્ણો વગેરે. સમાજમાં દેશ-પરદેશમાં ફેલાય છે. ઘર આંગણે જે સમદ્રષ્ટિ થઇ મૈત્રી ભાવ કેળવી શકતો નથી તે વાકચાતુરી કિંવા પાખંડી જ માનવો. પ્રથમ પોતાની જાત અને શકિતઓને ઓળખી પોતાની સાથે મૈત્રી કરી, પછી ઘર અને કુટુંબમાં મૈત્રી કેળવી સમાજ-દેશ-પરદેશ સાથે અનુક્રમે મૈત્રી ભાવ કેળવે એમ સીડીના પગથિયા ચઢતા બ્રહ્મલોકમાં જવાય છે ન્યાયે મૈત્રી ભાવનો વિકાસ કરવો જોઇએ. જો આપણે વચ્ચેના પગથિયા મુકી; સીધા ઉંચે જવા માગીશું તો ત્રિશંકુ જેવી દશા આખરે થવાની કદાચ "સેવા"ના આંચળા નીચે તમે સડ સડસડાટ ઉંચે ચઢતા હશો તેવી ભ્રાંતિ જરૂર થશે.

## * વિઘ્ન નિવારણ

મૈત્રી ભાવ કેળવવામાં વિઘ્ન રૂપ કેટલાક ભાવ છે. જે મૈત્રી ઘાતક છે. તેમાંના કેટલાક મુખ્ય વિઘ્ન આપણે જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇર્ષા :- ઇર્ષા-દ્વેષ એ મૈત્રી ભાવમાં મુખ્ય અવરોધ છે. તેને લીધે બીજા અવગુણો પણ આવે છે. જેવા કે વેરભાવ, ક્રોધ, માનસિક નબળાઇ, અસત્ય, નિંદા વગેરે. એક લોભી અને ઇર્ષા વૃત્તિવાળા શેઠનો તેની પત્નિ સાથેના સંવાદથી ઇર્ષા કેવી હોય છે તેનો ખ્યાલ આવશે. બહારથી શેઠ ઘરમાં પ્રવેશે છે ત્યારે શેઠાણી પૂછે છે,

"કહાં ગાંઠસે ગિર ગયા, ઔર કીસકો દીન?
કામિની પૂછે કંપકું, કયું હૈયા મુખડા મલીન?"

શેઠનો ઉત્તર :-"નહીં ગાંઠસે ગિર પડા, ઔર ન કીસકે દીન, દેતા દીઠા અન્યકો, ઇસસે મુખડા મલીન." કહેવાનું તાત્પર્ય કે ઇર્ષા વૃત્તિથી મૈત્રી થઇ શકતી નથી, અને મૈત્રી હોય તો તેનો નાશ થાય છે.

વેરભાવ :-જ્યાં વેર છે ત્યાં મૈત્રી હોઇ શકતી જ નથી રાવણે રામ સાથે, કૌરવોએ પાંડવો સાથે વેર બાંધી તેના કેવા ફળ મેળવ્યા તે આપણે જાણીએ છીએ. છેલ્લા બે વિશ્વ યુદ્ધોની ખાના ખરાબીની કલ્પના શ્રી નહેરૂ-શાસ્ત્રીને હતી જ અને તેથી જ વિશ્વશાંતિ-વિશ્વમૈત્રીનું કાર્ય બીજા દરેક કાર્યની અપેક્ષાએ તેને શામાટે પ્રથમ ગણતા તે આપણે સમજી શકીએ. વેર બાંધવું તે અલ્પબુદ્ધિ, અલ્પ વિચાર શકિત અને ખોટા અહમથી થાય છે. ઇર્ષા પણ વેરની જનની છે દરેક પંડિતો તે નહીં કરવાનું કહી ગયા છે. ગીતામાં કહયું છે. "न चाति वैर वैरण केशव व्युपशाम्यति।" વળી શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે "निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव।" જે સર્વ સાથે મૈત્રી કરે છે જે તેજ ઇશ્વરને મેળવે છે. "માત્થી"ની વાર્તામાં ઇશુએ કહયું કે "તું તારા વેરીપર પ્રીતિ કર" અને "તને એક ગાલ ઉપર તમાચો મારે તેની સામે તું તારો બીજો ગાલ ધર" "Love thy neighbour as thyself" ભગવાન મહાવીરે કહયું કે "વેરાનું બંધાથી મહા ભયાની" વેર ભાવનો અંત કેવીરીતે લાવી શકાય તે નીચેના ઉદાહરણથી સમજાશે.

દ્રષ્ટાંત :- સિંહ ઘોષ અને અશ્વ ઘોષ નામના બે રાજા હતાં. એકદા સિંહ ઘોષે અન્યાયથી અશ્વઘોષને બંદીવાન બનાવ્યો. ત્યારે અશ્વઘોષનો પુત્ર રોહિતાશ્વ પ્રવાસમાં ગયેલ જયારે અશ્વઘોષને ફાંસી આપવામાં આવી ત્યારે રોહિતાશ્વ વેશ બદલીને તેને મળ્યો. ત્યારે પિતાએ છેલ્લી સલાહ આપી કે "વેરને લાંબુ કરવું નહીં." સમય જતાં સંગીત શાસ્ત્રી બન્યો અને સિંહ ઘોષની રાજકુમારીને સંગીત શીખવવા લાગ્યો. તે એકદા સિંહ ઘોષ સાથે શિકાર કરતાં ખુબ દુર નીકળી ગયો. ત્યારે તેણે મ્યાનમાંથી તલવાર કાઢી રાજા ઉપર ઉપર વેરનો બદલો લેવા તૈયાર થયો, પરંતુ પિતાના વચન યાદ આવતાં તલવાર મ્યાન કરવા લાગ્યો. ત્યાં રાજા જાગી ગયો. રાજાએ તલવાર કાઢવાનું અને મ્યાન કરવાનું કારણ પૂછયું. રોહિતાશ્વે સર્વવૃત્તાંત કહયો ત્યારે રાજા ગદ્દગદ્દ થઇ ગયો. તેણે અશ્વઘોષનો નિર્વૈરતાનો આદર્શ પીગળાવી રહ્યો તે રોહિતાશ્વની ક્ષમા માંગવા લાગ્યો. અને તેના પિતાનું રાજય પાછું આપ્યું. [ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg. B.V.-37

# આત્મદૃષ્ટિનું આન્તર નિરીક્ષણ

## શ્રી વજ્રંધર જિન સ્તવન

( નદી યમુના કે તીર એદેશી )

વિહરમાન ભગવાન, સુણો મુજ વિનતિ, જગતારક જગનાથ અછો ત્રિભુવન પતિ;
ભાસક લોકા લોક, તિણે જાણો છતિ, તો પણ વીતક વાત કહું છું તુજ પ્રતિ.—૧

હું સ્વરૂપ નિજ છોડી, રમ્યો પર પુદગલે, ઝીલ્યો ઉલટ આણી વિષય તૃષ્ણા જલે;
આસ્રવ બંધ વિભાવ, કરૂં રૂચિ આપણી, ભૂલ્યો મિથ્યાવાસ્ર દોષ દઉં પરભણી.—૨

અવગુણ ઢાંકણ કાજ, કરું જિયમત ક્રિયા, નતજું અવગુણ ચાલ, અનાદિની જે પ્રિયા;
દષ્ટિ રાગનો પોષ, તેહ સમક્તિ ગણું, સ્યાદ્વાદની રીત, નદેખું નિજપણું.—૩

મન તનુ ચંચલ સ્વભાવ, વચન એકાંતતા, વસ્તુ અનંત સ્વભાવ, ન ભાસે જે છતાં;
જે લોકોત્તર દેવ. નમું લૌકિકથી, દુર્લભ સિધ્ધ સ્વભાવ, પ્રભોત, હકીકથી —૪

મહાવિદેહ મઝાર હે, તારક જિન વરૂ, શ્રી વજ્રંધર અરિહંત અનંત ગુણા કરૂં;
તે નિયમિક શ્રેષ્ઠ, સહી મુજ તારશે, મહાવૈદ્ય ગુણયોગ, ભવરોગ વારશે —૫

પ્રભુમુખ ભવ્ય સ્વભાવ, સુણું જો માહરો. તો પામે પ્રમોદ એહ ચેતન ખરો;
થાયે શિવ પદ આશ, રાશિ સુખ વૃંદની, સહજ સ્વતંત્ર સ્વરૂપ ખાણ આનંદની —૬

વળગ્યા જે પ્રભુનામ, ધામ તે ગુણ તણા, ધારો ચેતનરામ, એહ થિરવાસના;
દેવચંદ્ર જિનચંદ્ર હ્રદય સ્થિર સ્થાપજો ! જિન આણા યુક્ત ભક્તિ, શક્તિ મુજ અપજો.—૭

આતમ અર્પણદાવ, સુજ્ઞાની સુમતિ-
આતમ અર્પણ વસ્તુ વિચારતાં;
ભરમ ટળે મતિદોષ સુજ્ઞાની
પરમ પદારથ સંપત્તિ સંપજે,
આનંદઘન રસ પોષ સુજ્ઞાની—૬

લેખક : રતિલાલ મણેકચંદ શાહ

પ્રકાશક : જયંતીલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેઈટ, ભાવનગર ફોન ; ૪૬૪૦

For Private And Personal Use Only